# અગ્રતાક્રમ – ૧૭

પ્રશ્ન –૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમો દ્વારા **વણવપરાયેલ** અથવા **બચત** રહેલ રકમના શા **કારણો** છે.?

પ્રશ્ન – ૨ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઈ કામદારોના **પુનઃ સ્થાપન** માટે કઈ કઈ યોજનાઓ અમલમાં છે? (શ્રી પ્રવિણભાઈ માળી – ડીસા)

પ્રશ્ન –૩ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોમાં **છેલ્લા પાંચ વર્ષમાં** નિગમો દ્વારા સ્વરોજગારલક્ષી યોજનાઓમાં કેટલું ધિરાણ આપવામાં આવ્યું છે.

(શ્રી અનિકેતભાઈ ઠાકર – પાલનપુર)

પ્રશ્ન –૪ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોમાં છેલ્લા પાંચ વર્ષમાં નિગમો દ્વારા શૈક્ષણિક યોજનાઓમાં **કેટલું ધિરાણ** આપવામાં આવ્યું.

પ્રશ્ન – ૫ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમો તથા નિયામક કચેરીને **છેલ્લા ત્રણ વર્ષમાં** ફાળવવામાં આવેલ **ગ્રાન્ટ** અને **ખર્ચ**ની વિગતો

પ્રશ્ન – ૬ બિનઅનામત નિગમની સરખામણીમાં અન્ય નિગમોને **આટલી ઓછી** ગ્રાન્ટ કેમ ફાળવવામાં આવે છે.?

# નિગમોની માહિતી

૧. ગુજરાત **પછાતવર્ગ** વિકાસ નિગમ

૨. ગુજરાત **અલ્પસંખ્યક** નાણા વિકાસ નિગમ

૩. ગુજરાત **બિન અનામત** શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

૪. ગુજરાત **સફાઈ કામદાર** વિકાસ નિગમ

૫. ગુજરાત **અનુસૂચિત જાતિ** વિકાસ નિગમ

૬. ગુજરાત **ઠાકોર અને કોળી** વિકાસ નિગમ

૭. ગુજરાત **વિચરતી અને વિમુકત** જાતિ વિકાસ નિગમ

૮. ગુજરાત **ગોપાલક** વિકાસ નિગમ

૯. ગુજરાત રાજ્ય **વિકલાંગ(દિવ્યાંગ)** નાણા અને વિકાસ નિગમ

૧૦. ડૉ આંબેડકર **અંત્યોદય** વિકાસ નિગમ

# 17

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના બોર્ડ/નિગમો માટે નાણાકીય જોગવાઇ**

*15/4/2433 : **શ્રી જિગ્નેશમેવાણી** (વડગામ) **: માન. સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના નિગમ-બોર્ડ માટે કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી, | (૧) |
| (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા હેતુઓ માટે ખર્ચ કરવામાં આવી, અને | (૨) **પત્રક સામેલ છે**. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી? | (૩) |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૨૪૭૧.૫૦ | ૧૦૮૯.૯૨ | ૫૮૯.૯૨ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૦૦.૦૦ | ૭૦૧.૦૯ | - વર્તમાનપત્રોમાં જે તે વર્ષના લાભાર્થીઓની પસંદગી માટે જાહેરાત આપવામાં આવેલ હતી .કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ માં પસંદ થયેલ લાભાર્થી પૈકી ૫૦% થી વધુ લાભાર્થીઓ જામીનગીરી ન કરી શકવા અથવા એક યા બીજા કારણોસર ધિરાણ લેવા માટે અસંમતિ દર્શાવેલ હોવાથી આ ખર્ચ થઇ શકેલ ન હતો .<br>- બચત રહેલ રકમનો ખર્ચ કરવા માટે કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ માર્ચ-૨૦૨૪માં કરી ટુંક સમયમાં ખર્ચ કરવામાં આવશે.<br>- કોલમ-(૫) મા દર્શાવેલ ખર્ચ કોલમ-(૪) માં દર્શાવેલ જોગવાઇ પૈકીનો છે. કોલમ-(૫)માં દર્શાવેલ અને અગાઉના વર્ષની ગ્રાન્ટમાંથી રહેલ બચતમાંથી થયેલ **કુલ ખર્ચ નાણાંકીય વર્ષ:૨૦૨૨-૨૩ માં રૂ.૧૭૬૬.૨૯ લાખ છે.** |
| | | ૨૦૨૨-૨૩ | ૨૫૦૦.૦૦ | ૮૩૯.૦૦ | ૩૩૯.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૦૦.૦૦ | ૬૬૧.૦૦ | |
| ૨ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ | ૨૦૨૧-૨૨ | ૨૫૨૫.૦૫ | ૧૫૫૩.૫૫ | ૦૦ | ૧૩૦૦.૦૦ | ૦.૦૦ | ૨૫૩.૫૫ | ૦૦.૦૦ | ૯૭૧.૫૦ | - વણવપરાયેલ રકમ માટે સીધા ધિરાણની યોજનાની જાહેરાત આપી અરજીઓ મેળવી લીધેલ છે. મળેલ અરજીઓમાંથી |
| | | ૨૦૨૨- | ૨૭૫૩.૫ | ૧૭૩૭.૫૮ | ૫૮૮.૨૦ | ૧૫૦૦.૦૦ | ૦.૦૦ | ૨૩૭.૫૮ | ૦૦.૦૦ | ૧૦૧૫.૯૭ | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નિગમ | ૨૩ | ૫ | | | | | | | | કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી પારદર્શક રીતે લાભાર્થીઓની પસંદગી કરી ટુંક સમયમાં ખર્ચ કરવામાં આવશે.<br>- કોલમ-(૫) મા દર્શાવેલ ખર્ચ કોલમ-(૪) માં દર્શાવેલ જોગવાઇ પૈકીનો છે. કોલમ-(૫)માં દર્શાવેલ અને અગાઉના વર્ષની ગ્રાન્ટમાંથી રહેલ બચતમાંથી થયેલ **કુલ ખર્ચ નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨ માં રૂ.૩૨૦૪.૩૦ લાખ અને વર્ષ:૨૦૨૨-૨૩ માં રૂ.૨૧૯૭.૩૫ લાખ છે.** |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૮૦૦.૦૦ | ૪૧૨.૫૧ | ૧૫૦.૧૦ | ૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૬૨.૪૧ | ૦૦.૦૦ | ૩૮૭.૪૯ | - કોવિડ ૧૯ ની સંવેદનશીલ પરિસ્થિતી દરમ્યાન લોકડાઉનને લીધે અરજદારો દ્વારા સાધનિક પુરાવા રજૂ કરેલ ન હોઇ યોજનાકિય ધિરાણ થઇ શકેલ નથી .<br>- અરજદારો અત્રેથી સૈદ્ધાંતિક મંજૂરીના પત્રેઓ પાઠવ્યા બાદ અરજદાર દ્વારા ધિરાણ અર્થે સાધનિક પુરાવાઓ રજૂ કરવામાં વિલંબ થયેલ હોવાના કારણે<br>- બચત રહેલ રકમનો ખર્ચ કરવા માટેકોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રૉ માર્ચ-૨૦૨૪માં કરી ટુંક |
| | | ૨૦૨૨-૨૩ | ૭૫૦.૦૦ | ૧૮૩.૫૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૮૩.૫૬ | ૦૦.૦૦ | ૫૬૬.૪૪ | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | સમયમાં ખર્ચ કરવામાં આવશે.<br>- કોલમ-(૫) મા દર્શાવેલ ખર્ચ કોલમ-(૪) માં દર્શાવેલ જોગવાઇ પૈકીનો છે. કોલમ-(૫)માં દર્શાવેલ અને અગાઉના વર્ષની ગ્રાન્ટમાંથી રહેલ બચતમાંથી થયેલ **કુલ ખર્ચ નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨ માં રૂ.૫૮૮.૨૩ લાખ અને વર્ષ:૨૦૨૨-૨૩ માં રૂ.૬૯૮.૪૬ લાખ છે.** |
| ૪ | ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૬૩૪.૦૦ | ૧૦૦.૦૦ | ૦૦.૦૦ | ૦૦ | ૧૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૦૦.૦૦ | ૩૪.૦૦ | - નવીન ઓફિસ માટેનું ફર્નિચર તેમજ ઇલેક્ટ્રોનિક્સ સંસાધનોની ખરીદ કરવાની થતી હોઇ જેની કાર્યવાહી પ્રગતિમાં છે .<br>- National Divyangjan Finance and Development Corporation (NDFDC)ની યોજના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા નો મેચિંગ ફાળો આપવામાં આવેલ છે જે યોજના વર્ષ ૨૦૨૩-૨૪ મા શરૂ થયેલ<br>- સદર નાણાકીય વર્ષમાં ઓનલાઇન પોર્ટલ પર કુલ ૪૭૧ અરજીઓ આવેલ જે તમામ અત્રેથી મંજૂર કરવામાં આવેલ |
| | | ૨૦૨૨-૨૩ | ૭૮૫.૦૦ | ૩૮૬.૦૦ | ૨૭૧.૦૦ | ૦૦ | ૧૦૦.૦૦ | ૧૫.૦૦ | ૦૦.૦૦ | ૩૨૯.૦૦ | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | અન્ય અરજીઓમાં લાભાર્થી કક્ષાએ જામીનખત, હાઇપોલીથીકેશન, સ્વઘોષણા, સોગંદનામુ, બોજાનોંધ વગેરે દસ્તાવેજો સાથે અરજી રજૂ કરેલ ન હોઇ, જેથી ચૂકવણું થઇ શકેલ નથી.અરજીઓ મળ્યેથી બચત રહેલ રકમમાંથી ધિરાણ કરવામાં આવશે.<br>- વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ નાણાકીય જોગવાઇ પૈકી વહીવટી ગ્રાન્ટ સ્વરૂપે મળેલ રૂ.૫૦૦.૦૦ લાખ સરકારશ્રીમાં ૦૦૪૯ બજેટ સદરે જમા કરાવેલ હોવાથી વણવપરાયેલ રકમ રૂ.૩૪.૦૦ લાખ ગણેલ છે. |
| ૫ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૪૫૭૦૫.૦૦ | ૪૫૭૦૫.૦૦ | ૪૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | ૨૦૫.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | - સીધા ધિરાણની કોઈ બચત નથી. |
| | | ૨૦૨૨-૨૩ | ૫૦૭૦૦.૦૦ | ૫૦૬૩૩.૧૦ | ૫૦૦૦૦.૦૦ | ૦.૦૦ | ૫૦૦.૦૦ | ૧૩૩.૧૦ | ૦૦.૦૦ | ૬૬.૯૦ | |
| ૬ | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૧૬૧૫.૫૧ | ૧૪૯૫.૫૧ | ૧૦૯૦.૫૧ | ૦૦.૦૦ | ૧૫૦.૦૦ | ૨૨૫.૦૦ | ૩૦.૦૦ | ૧૨૦.૦૦ | - સીધા ધિરાણની કોઇ બચત નથી.<br>- સમાનફાળા બચત -નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રાષ્ટ્રીય નિગમ તરફથી રૂ.૩૦૦.૦૦લાખ ગ્રાન્ટ મળેલ હતી .તેની સામે સમાન ફાળાની ૧૦ %ગ્રાન્ટ લેખે |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | રૂ.૩૦.૦૦ લાખનો ખર્ચકરેલ છે . આથી રૂ.૧૨૦.૦૦ લાખ બચત રહેલ છે. |
| | | ૨૦૨૨-૨૩ | ૨૦૨૫.૦૦ | ૧૮૮૬.૦૦ | ૧૫૦૦.૦૦ | ૦૦.૦૦ | ૧૫૦.૦૦ | ૨૨૫.૦૦ | ૧૧.૦૦ | ૧૩૯.૦૦ | - સીધા ધિરાણની કોઇ બચત નથી.<br>- સમાનફાળા બચત -નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં રાષ્ટ્રીય નિગમ તરફથી રૂ.૧૧૦.૦૦લાખ ગ્રાન્ટ મળેલ હતી .તેની સામેસમાન ફાળાની ૧૦ % ગ્રાન્ટ લેખે રૂા.૧૧.૦૦ લાખનો ખર્ચકરેલ છે .આથી રૂ.૧૩૯.૦૦ લાખ વણવપરાયેલ રહેલ છે. |
| ૭ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૧૬૭૫.૫૧ | ૧૩૫૭.૫૧ | ૧૦૯૦.૫૧ | ૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૬૭.૦૦ | ૦.૦૦ | ૨૦૦.૦૦ | - સીધા ધિરાણની કોઇ બચત નથી.<br>- વહીવટી બચત - વર્ષ ૨૦૨૧-૨૨માં અગાઉના વર્ષોની વહીવટી ગ્રાન્ટની બચતમાંથી ખર્ચ કરેલ છે .જેથી વહીવટી ગ્રાન્ટ ૧૮૫.૦૦ લાખ વણવપરાયેલ છે.<br>- સમાનફાળા બચત - રાષ્ટ્રીય નિગમ, નવી દિલ્હી પાસેથી ગ્રાન્ટ લેવામાંઆવેલ ન હોવાથી સમાનફાળાની ગ્રાન્ટ રૂ.૨૦૦.૦૦ લાખ વણવપરાયેલછે. |
| | | ૨૦૨૨-૨૩ | ૨૨૮૫.૦૦ | ૨૦૦૭.૬૧ | ૧૭૦૦.૦૦ | ૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૬૭.૯૭ | ૩૯.૬૪ | ૨૯૯.૧૧ | - નિગમના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ અને ૧૦ ડીરેક્ટરોની નિમણુક ન |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | થવાથી વહીવટી ખર્ચ ઓછો થયેલ હોવાથી વણવપરાયેલ રહેલ છે.<br>- સમાનફાળા બચત - રાષ્ટ્રીય નિગમ, નવી દિલ્હી પાસેથી રૂ.૪૦૦.૦૦ લાખની ગ્રાન્ટ મળેલ હોવાથી ૧૦ %મુજબ ખર્ચ કરવાનો થતો હોઇ રૂ. ૩૯.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે ૧૬૦.૩૬ લાખ વણવપરાયેલ રહેલ છે. |
| ૮ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૨૬૦૯.૨૩ | ૨૬૦૯.૨૩ | ૨૩૨૪.૨૩ | ૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૧૦.૦૦ | ૭૫.૦૦ | ૦.૦૦ | - |
| | | ૨૦૨૨-૨૩ | ૫૨૮૫.૦૦ | ૫૨૬૫.૦૦ | ૫૦૦૦.૦૦ | ૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૯૦.૦૦ | ૭૫.૦૦ | ૦.૦૦ | |
| ૯ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૮૪૯.૨૩ | ૮૦૯.૨૩ | ૬૨૯.૨૩ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૮૦.૦૦ | ૦.૦૦ | ૪૦.૦૦ | - સીધા ધિરાણની કોઇ બચત નથી.<br>- રાષ્ટ્રીયનિગમ પાસેથી ગ્રાન્ટ લેવામાં આવેલ ન હોવાથી ખર્ચ થયેલ નથી .જેથી સમાનફાળાની રકમવણવપરાયેલ રહેલ છે. |
| | | ૨૦૨૨-૨૩ | ૧૪૪૨.૦૦ | ૧૩૯૪.૨૪ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૯૨.૦૦ | ૨.૨૪ | ૪૭.૭૬ | |
| ૧૦ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૧-૨૨ | ૭૫૦.૫૨ | ૭૪૯.૮૨ | ૬૧૫.૫૨ | ૦.૦૦ | ૯.૩૦ | ૧૨૫.૦૦ | ૦.૦૦ | ૦૦.૦૦ | - |
| | | ૨૦૨૨-૨૩ | ૧૩૪૩.૭૫ | ૧૩૪૩.૭૫ | ૧૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૫.૦૦ | ૧૮.૭૫ | ૦૦.૦૦ | |

----------------

પ્રશ્ન –૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમો દ્વારા **વણવપરાયેલ** અથવા **બચત** રહેલ રકમના શા **કારણો** છે.?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

**સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના નિગમોના વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.**

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ**

- નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં **રૂા.૨૫૨૫.૦૫ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અને સહાય હેઠળ **રૂા.૧૫૫૩.૫૫ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૯૭૧.૫૦ લાખ** ની બચત રહેવા પામેલ છે.
- વર્ષ–૨૦૨૧–૨૨માં રૂા.૧૦૦૦.૦૦ લાખની થયેલ જોગવાઇ પૈકી SCA to SCSP (SCW-18) માં રૂા.૩૧૯.૫૧ લાખની જ ફાળવણી કરેલ અને રૂ. ૬૮૦.૪૯ લાખની કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની વણવપરાયેલ રકમ માટે સીધા ધિરાણની યોજનાની જાહેરાત આપી અરજીઓ મેળવી લીધેલ છે. મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી પારદર્શક રીતે લાભાર્થીઓની પસંદગી કરી ટુંક સમયમાં ૧૦૦% ખર્ચ કરવામાં આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં **રૂા.૨૭૫૩.૫૫ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અને સહાય હેઠળ **રૂા.૧૭૩૭.૫૮ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૧૦૧૫.૯૭ લાખ** ની બચત રહેવા પામેલ છે.

- વર્ષ–૨૦૨૨–૨૩માં રૂા.૨૫૦૦.૦૦ લાખની થયેલ જોગવાઇ પૈકી SCA to SCSP (SCW-18) માં રૂા.૧૦૦૦.૦૦ લાખની થયેલ જેની સામે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ ન હોય વણવપરાયેલ રહેલ છે.

મંજુર મહેકમ પૈકી પૂર્ણ કાલીન અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓની નિમણૂક થયેલ ન હોવાથી રકમનો ખર્ચ થયેલ નથી. નિગમની બચત રકમના ખર્ચ માટે સીધા ધિરાણની યોજનાની જાહેરાત આપી અરજીઓ મેળવી લીધેલ છે. મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી પારદર્શક રીતે લાભાર્થીઓની પસંદગી કરી ટુંક સમયમાં ૧૦૦% ખર્ચ કરવામાં આવશે.

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ**

નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં **રૂા.૨૪૭૧.૫૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અને સીધા ધિરાણ હેઠળ **રૂા.૧૦૮૯.૯૨ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૭૦૧.૦૯ લાખ** ની બચત રહેવા પામેલ છે.

બચત રહેલ રકમનો ખર્ચ કરવા માટે કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માર્ચ–૨૦૨૪ના માસમાં કરી ટુંક સમયમાં ૧૦૦% ખર્ચ કરવામાં આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં **રૂા.૨૫૦૦.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અને સીધા ધિરાણ હેઠળ **રૂા.૮૩૯.૦૦ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૬૬૧.૦૦ લાખ** ની બચત રહેવા પામેલ છે.

બચત રહેલ રકમનો ખર્ચ કરવા માટે કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માર્ચ–૨૦૨૪ના માસમાં કરી ટુંક સમયમાં ૧૦૦% ખર્ચ કરવામાં આવશે.

**ડૉ. આંબેડકર આંત્યોદય વિકાસ નિગમ**

નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં **રૂ.૮૦૦.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી, સીધા ધિરાણ અને શેરમુડી હેઠળ **રૂ.૪૧૨.૫૧ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂ.૩૮૭.૪૯ લાખ** ની બચત રહેવા પામેલ છે.

કોવિડ–૧૯ ની સંવેદનશીલ પરિસ્થિતી દરમ્યાન લોકડાઉનને લીધે અરજદારો દ્વારા સાધનિક પુરાવા રજુ કરેલ ન હોઇ યોજનાકીય ધિરાણ થઇ શકેલ નથી.પરંતુ પડતર અરજીઓનો માર્ચ–૨૦૨૪ માં નિકાલ કરી ૧૦૦% ખર્ચ કરવામા આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં **રૂ.૭૫૦.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં વહીવટી અને શેરમુડી હેઠળ **રૂ.૧૮૩.૫૬ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂ.૫૬૬.૪૪ લાખ** ની બચત રહેવા પામેલ છે.

સદર વર્ષમાં મંજુર મહેકમ પૈકી પૂર્ણ કાલીન અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓની નિમણૂક થયેલ ન હોવાથી રકમનો ખર્ચ થયેલ નથી. બચત રહેલ રકમનો ખર્ચ કરવા માટે કોમ્પ્યુટરાઇઝડ ડ્રો માર્ચ–૨૦૨૪ના માસમાં કરી ટુંક સમયમાં ૧૦૦% ખર્ચ કરવામાં આવશે.

આ ઉપરાંત નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માં **રૂ.૮૯૮૩૩.૫૭ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આગામી નાણાકીય વર્ષ–૨૦૨૪–૨૫ માં **રૂ.૯૧૬૬.૦૦ લાખ**ની જોગવાઇનો વધારો કરી કુલ બજેટ જોગવાઇ **રૂ.૯૯૦૦૦.૦૦ લાખ** કરવામાં આવેલ છે.

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ**

વહીવટી ગ્રાન્ટ- મંજુર મહેકમ પૈકી પુર્ણ કાલિન અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની નિમણુંક થયેલ ન હોવાથી વહીવટી ખર્ચ ઓછો થવાને કારણે રકમ વણવપરાયેલ રહેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

**ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ**

સમાનફાળો નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨માં રાષ્ટ્રીય નિગમ તરફથી **રૂા.૩૦૦.૦૦ લાખ** ગ્રાન્ટ મળેલ હતી. તેની સામે સમાન ફાળાની ૧૦% ગ્રાન્ટ લેખે **રૂા.૩૦.૦૦ લાખ** નો ખર્ચ કરેલ છે. આથી **રૂા.૧૨૦.૦૦ લાખ** બચત રહેલ છે.

તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩માં રાષ્ટ્રીય નિગમ તરફથી **રૂા.૧૧૦.૦૦ લાખ** ગ્રાન્ટ મળેલ હતી. તેની સામે સમાન ફાળાની ૧૦% ગ્રાન્ટ લેખે **રૂા.૧૧.૦૦ લાખ** નો ખર્ચ કરેલ છે. આથી **રૂા.૧૩૯.૦૦ લાખ** વણવપરાયેલ રહેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ**

(૧) સમાન ફાળા ગ્રાન્ટ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં રાષ્ટ્રીય નિગમ, દિલ્હી પાસેથી ગ્રાન્ટ લેવામાં આવેલ ન હોવાથી ખર્ચ થયેલ નથી. જેથી રાજ્ય સરકારની સમાન ફાળાની ગ્રાન્ટ **રૂા.૨૦૦.૦૦ લાખ** વણવપરાયેલ રહેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં રાષ્ટ્રીય નિગમ, નવી દિલ્હી પાસેથી **રૂા.૪૦૦.૦૦ લાખ** ની ગ્રાન્ટ મળેલ હોવાથી ૧૦% મુજબ ખર્ચ કરવાનો થતો હોઇ **રૂા.૩૯.૬૪ લાખ** નો ખર્ચ થયેલ છે. જ્યારે **રૂા.૧૬૦.૩૬ લાખ** વણવપરાયેલ રહેલ છે.

(૨) વહીવટી – વર્ષ ૨૦૨૨–૨૩માં **રૂા.૬૭.૯૭ લાખ** નો ખર્ચ અગાઉના વર્ષોની બચત ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨–૨૩માં ફાળવેલ રકમ **રૂા.૧૩૮.૭૫ લાખ** ની વહીવટી ગ્રાન્ટ–નિગમના મેનેજીંગ ડીરેક્ટરશ્રી તેમજ કચેરી અધિક્ષક, જુનિયર ક્લાર્કની વર્ગ–૩ની જગ્યાઓ ખાલી હોવાથી તેમજ નિગમના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ અને ૧૦ ડીરેક્ટરોની નિમણુક ન થવાથી વહીવટી ખર્ચ ઓછો થયેલ હોવાથી વણવપરાયેલ રહે છે.

**માન.અદ્યક્ષશ્રી,**

**ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ**

સમાનફાળા ગ્રાન્ટ – રાષ્ટ્રીય નિગમ પાસેથી ગ્રાન્ટ લેવામાં આવેલ ન હોવાથી ખર્ચ થયેલ નથી. જેથી સમાનફાળાની રકમ વણવપરાયેલ રહેલ છે.

**ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ**

નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં **રૂા.૬૩૪.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં શેરમુડી અને વહીવટી હેઠળ **રૂા.૧૦૦.૦૦ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૩૪ .૦૦ લાખ** ની બચત રહેવા પામેલ છે. નવીન ઓફિસ માટેનુ ફર્નિચર તેમજ ઈલેક્ટ્રોનીક્સ સંસાધનોની ખરીદ કરવાની થતી હોઇ જેની કાર્યવાહી પ્રગતિમાં છે તેમજ National Divyangjan Finance and Development Corporation (NDFDC) ની યોજના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા મેચીંગ ફાળો આપવામાં આવેલ છે જે યોજના વર્ષ–૨૦૨૩–૨૪મા શરૂ થયેલ હોવાથી રકમ વણવપરાયેલ રહેલ છે.નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં **રૂા.૭૮૫.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેમાં શેરમુડી, લોન સહાય અને વહીવટી હેઠળ **રૂા.૩૮૬.૦૦ લાખ** નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે **રૂા.૩૨૯.૦૦ લાખ** ની બચત રહેવા પામેલ છે.

**માન.અદ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકરીતા હેઠળના નિગમોમાં જે તે વર્ષમાં ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ખર્ચ તે પછીના નાણાકીય વર્ષમાં પણ કરી શકાય છે. જેથી લેપ્સ જવાનો પ્રશ્ન ઉપાસ્થિત થતો નથી.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– ૨ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઈ કામદારોના **પુન:સ્થાપન** માટે કઈ કઈ યોજનાઓ અમલમાં છે?

**જવાબ:– માન. અધ્યક્ષશ્રી,**

➢ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ દ્વારા વિવિધ યોજનાઓ થકી લાભાર્થીઓને ઘરે બેઠા સીધો ડિબિટી મારફત લાભ આપી રાજયના તમામ સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને અસ્વચ્છ વ્યવસાયમાંથી મુકિત અપાવી તેઓને સ્વચ્છ વ્યવસાય તરફવાળી તેમનું પુનઃ સ્થાપન કરવા માટેની તથા જીવન ધોરણ ઉચ્ચુ લાવવાની કામગીરી કરે છે.

**(૧) મહિલા સમૃધ્ધિ યોજના :**

મહિલાઓને વિવિધ ધંધા/વ્યવસાય માટે **રૂા.૧.૦૦ લાખ** સુધી ૪ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને **રૂા.૩૦,૦૦૦/–** સુધીની સબસીડી આપવામાં આવે છે.

**(૨) મહિલા અધિકારીતા યોજના :**

મહિલાઓને વિવિધ ધંધા/વ્યવસાય માટે **રૂા.૨.૦૦ લાખ** સુધી ૫ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને **રૂા.૪૦,૦૦૦/–** સુધીની સબસીડી આપવામાં આવે છે.

**(૩) માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજના :**

પુરૂષોને વિવિધ ધંધા/વ્યવસાય માટે **રૂા.૧.૦૦ લાખ** સુધી ૫ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને **રૂા. ૩૦,૦૦૦/–** સુધીની સબસીડી આપવામાં આવે છે.

**(૪) વ્યકિતગત લોન યોજના :**

વિવિધ ધંધા/વ્યવસાય માટે **રૂા.૧.૦૦ લાખ** થી **રૂા.૧૫.૦૦ સુધી** ની ૬ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે અને **રૂા.૭૫,૦૦૦/–** સુધીની સબસીડી આપવામાં આવે છે.

**(૫) ડા઼. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના :**

આ યોજના હેઠળ સફાઇ કામદારોને આવાસ માટે વ્યકિતગત **રૂા.૧,૨૦,૦૦૦/–** ની સહાય આપવામાં આવે છે અને વધુમાં શહેરી વિસ્તારમાં **રૂા.૬૦,૦૦૦/–** અને ગ્રામ્ય વિસ્તારમાં **રૂા.૩૦,૦૦૦/–** ની બિનવ્યાજકીય લોન આપવામાં આવે છે.

**(૬)** ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ના વિદ્યાર્થીઓને ઇનામ/પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરવાની યોજના.

**(૭)** છૂટક સફાઇનું કામ કરતાં રોજમદારોને ડિઝલ મશીન, લોડીંગ સાયકલ, પાઇપ તેમજ સલામતીના સાધનો ખરીદ કરવા માટે **રૂા.૫૦,૦૦૦/–** સુધીની સહાય આપવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન –૩ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના નિગમોમાં **છેલ્લા પાંચ વર્ષમાં** નિગમો દ્વારા સ્વરોજગારલક્ષી યોજનાઓમાં કેટલું ધિરાણ આપવામાં આવ્યું.

**જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**

- નિગમો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં સ્વરોજગારલક્ષી યોજના હેઠળ **કુલ ૩૬૬૧૭** લાભાર્થીઓને કુલ **રૂ.૬૪૯.૭૯ કરોડ** નું ધિરાણ આપવામાં આવ્યુ.

મુખ્ય પેજ પર જવા માટે

પ્રશ્ન –૪ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ હેઠળના નિગમોમાં છેલ્લા પાંચ વર્ષમાં નિગમો દ્વારા શૈક્ષણિક યોજનાઓમાં **કેટલું ધિરાણ** આપવામાં આવ્યું.

**જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**

- નિગમો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં શૈક્ષણિક યોજના હેઠળ **કુલ ૧૪૦૦૯** વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુસર કુલ **રૂ.૧૨૯૭.૩૧ કરોડનું** ધિરાણ આપવામાં આવ્યુ.

મુખ્ય પેજ પર જવા માટે

## પ્રશ્ન – ૫ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમો તથા નિયામક કચેરીને **છેલ્લા ત્રણ વર્ષમાં** ફાળવવામાં આવેલ **ગ્રાન્ટ** અને **ખર્ચ**ની વિગતો

| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિયામક કચેરી અને નિગમ (રૂ-લાખમાં) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | નિગમનું નામ | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | | ૨૦૨૩-૨૪ | |
| | | બજેટ જોગવાઈ | થયેલ ખર્ચ | બજેટ જોગવાઈ | થયેલ ખર્ચ | બજેટ જોગવાઈ | થયેલ ખર્ચ |
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૧૫૭૬.૫૦ | ૧૦૮૯.૯૨ | ૧૬૦૫.૦૦ | ૧૭૬૬.૨૯ | ૨૭૯૪.૩૧ | ૪૧૮.૪૨ |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૫૨૫.૦૫ | ૩૨૦૪.૩૦ | ૨૭૫૩.૫૫ | ૨૧૯૭.૩૫ | ૪૪૫૩.૫૫ | ૨૧૫૮.૮૫ |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૮૦૦.૦૦ | ૫૮૮.૨૩ | ૭૫૦.૦૦ | ૬૯૮.૪૬ | ૧૨૫૦.૦૦ | ૧૪૩.૫૮ |
| ૪ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૪૫૭૦૫.૦૦ | ૪૫૭૦૫.૦૦ | ૫૦૭૦૦.૦૦ | ૫૦૬૩૩.૧૦ | ૫૦૭૦૦.૦૦ | ૩૨૦૪૦.૫૭ |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૧૬૧૫.૫૧ | ૧૪૯૫.૫૧ | ૨૦૨૫.૦૦ | ૧૮૮૬.૦૦ | ૧૯૪૦.૦૦ | ૧૦૭૪.૨૨ |
| ૬ | ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ | ૧૬૭૫.૫૧ | ૧૩૫૭.૫૧ | ૨૨૮૫.૦૦ | ૨૦૦૭.૬૧ | ૨૫૮૫.૦૦ | ૧૧૮૬.૫૪ |
| ૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૬૦૯.૨૩ | ૨૬૦૯.૨૩ | ૫૨૮૫.૦૦ | ૫૨૬૫.૦૦ | ૫૩૮૫.૦૦ | ૧૦૨૫.૨૩ |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૮૪૯.૨૩ | ૮૦૯.૨૩ | ૧૪૪૨.૦૦ | ૧૩૯૪.૨૪ | ૧૪૨૦.૦૦ | ૩૩૬.૦૧ |
| ૯ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૭૫૦.૫૨ | ૭૪૯.૮૨ | ૧૩૪૩.૭૫ | ૧૩૪૩.૭૫ | ૧૩૫૦.૦૦ | ૫૭૭.૮૫ |
| ૧૦ | ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ | ૬૩૪.૦૦ | ૬૦૦.૦૦ | ૭૮૫.૦૦ | ૩૮૬.૦૦ | ૭૯૮.૦૦ | ૩૧.૦૦ |
| **કુલ(અ)** | | ૫૮૭૪૦.૫૫ | ૫૮૨૦૮.૭૫ | ૬૮૯૭૪.૩ | ૬૭૫૭૭.૮ | ૭૨૬૭૫.૮૬ | ૩૮૯૯૨.૨૭ |
| ૧૧ | નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ | ૯૮૧૫૬.૦૫ | ૮૩૨૭૪.૨૮ | ૧૦૪૩૨૪.૯ | ૮૯૯૫૬.૬૩ | ૮૯૮૩૩.૫૭ | ૬૩૯૭૭.૫૭ |
| ૧૨ | નિયામક, વિકસતી જાતિ કલ્યાણ | ૧૨૪૭૨૫.૨૭ | ૧૧૭૭૯૦.૧૭ | ૧૫૭૩૦૬.૬૪ | ૧૬૧૧૧૮.૭૭ | ૧૯૬૪૪૨.૮૩ | ૧૫૪૩૪૬.૭૦ |
| ૧૩ | નિયામક, સમાજ સુરક્ષા | ૧૪૬૯૦૯.૮૩ | ૧૩૦૪૮૯.૭૯ | ૧૪૮૯૯૪.૨૬ | ૧૭૫૩૯૫.૬૮ | ૧૯૭૬૦૬.૩૬ | ૧૬૦૬૯૬.૫૪ |
| **કુલ(બ)** | | ૩૬૯૭૯૧.૧૫ | ૩૩૧૫૫૪.૨૪ | ૪૧૦૬૨૫.૮ | ૪૨૬૪૭૧.૦૮ | ૪૮૩૮૮૨.૭૬ | ૩૭૯૦૨૦.૮૧ |
| **કુલ (અ+બ)** | | ૪૨૮૫૩૧.૭ | ૩૮૯૭૬૨.૯૯ | ૪૭૯૬૦૦.૧ | ૪૯૪૦૪૮.૮૮ | ૫૫૬૫૫૮.૬૨ | ૪૧૮૦૧૩.૦૮ |

માન. અધ્યક્ષશ્રી,

૧ સામાજિક ન્યાય અને અધિકારીતા હેઠળના નિગમોમાં જે તે વર્ષમાં ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ખર્ચ તે પછીના નાણાંકીય વર્ષમાં પણ કરી શકાય છે. જેથી ગ્રાન્ટ લેપ્સ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા હેઠળના નિગમોમાં ઉપરાંત નિયામકશ્રી કચેરીઓ દ્વારા પણ ખર્ચ કરવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન – ૬** બિનઅનામત નિગમની સરખામણીમાં અન્ય નિગમોને આટલી **ઓછી ગ્રાન્ટ** કેમ ફાળવવામાં આવે છે.?

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓને **કુલ – ૮** નિગમો (બિન–અનામત નિગમ અને દિવ્યાંગ નિગમ સિવાય) મારફત અપાતી લોન – સહાય ઉપરાંત પ્રિ અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ, વિદેશ અભ્યાસ લોન અને આવાસ યોજનાઓ જેવી અનેકવિધ યોજનાઓનો લાભ આપવા માટે નિયામકશ્રી–વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણનું અલાયદુ તંત્ર અસ્તિત્વમાં છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે નિયામકશ્રી – વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચલાવવામાં આવતી કલ્યાણકારી યોજનાઓ માટે અનુક્રમે **રૂા. બે હજાર એકસો બાર કરોડ અને રૂા. બારસો ચાલીસ** જેટલી માતબાર રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં નિયામકશ્રી – વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં **રૂા. એક હજાર પાંચસો તેત્તાલીસ કરોડ**નો ખર્ચ (જાન્યુઆરી–૨૦૨૪ અંતિત) કરી દેવામાં આવ્યો છે. જ્યારે સમાન પ્રકારે નિયામકશ્રી – અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા **રૂા. આઠસો એકાવન કરોડ**નો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે ખર્ચની આ રકમ કુલ – ૮ નિગમો દ્વારા અપાતી લોન સહાય ઉપરાંતની છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટેના કુલ ૮ નિગમો માટે **રૂા. ૧૯૮ કરોડની નાણાકીય જોગવાઇ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં કરવામાં આવેલ હતી**. આ તબક્કે માન. નાણામંત્રીશ્રી અને માન. મુખ્યમંત્રીશ્રીનો વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ વતી સવિશેષ આભાર પ્રગટ કરવા ઇચ્છું છું. તેઓશ્રીએ આગામી નાણાકીય વર્ષ

૨૦૨૪–૨૫માં આ ૮ નિગમો માટેની જોગવાઈઓમાં માતબર વધારો કરી **રૂા. બસો ત્રાણુ કરોડની** રકમ ફાળવી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ની સરખામણીમાં આ જોગવાઈ અંદાજિત ૫૦% જેટલી વધારે છે.

| | **ચાલુ વર્ષ (૨૦૨૩–૨૪) ૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતીએ (રકમ રૂા. લાખમાં)** | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **નિગમ–બોર્ડનું નામ** | **વર્ષ** | **રાજ્ય સરકાર દ્વારા નિગમને કેટલી લોન આપેલ છે.** | **રાજ્ય સરકાર દ્વાર નિગમને કેટલી સહાય આપેલ છે** | **નિગમ દ્વારા વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) | ૨૦૨૩–૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૮૬.૪૫ |
| ૩ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧૫૮.૮૫ |
| ૪ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૩૭૫૦૦.૦૦ | ૦.૦૦ | ૩૪૬૩૪.૨૪ |
| ૫ | ગુજરાત અલ્સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૧૧૨૫.૦૦ | ૦.૦૦ | ૮૪૦.૪૭ |
| ૬ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૧૫૦૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦૦.૦૦ |
| ૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૩૮૨૫.૦૦ | ૦.૦૦ | ૧૪૯૩.૯૫ |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૯૦૦.૦૦ | ૦.૦૦ | ૨૨૪.૦૫ |
| ૯ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૯૦૦.૦૦ | ૦.૦૦ | ૮૭૨.૯૩ |
| ૧૦ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | ૨૦૨૩–૨૪ | ૬૦૦.૦૦ | ૦.૦૦ | ૧૪.૦૦ |

મુખ્ય પેજ પર જવા માટે

| **નિગમનું નામ :– ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.** | |
|---|---|
| **નિગમની ટૂંકી માહિતી :–** | આ નિગમ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ (NBCFDC), નવી દિલ્હી સાથે ચેનલાઈઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. અને નિગમ દ્વારા રાષ્ટ્રીય નિગમ અને રાજય સરકારની સીધા ધિરાણની યોજનાઓ અમલમાં છે. નિગમ દ્વારા વર્ષ ૧૯૯૭–૯૮ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિના અરજદારોને શૈક્ષણિક લોન તેમજ સ્વરોજગાર લક્ષી યોજનામાં ઓછા વ્યાજ દરે લોન ધિરાણ આપવાની કામગીરી કરે છે. |

| **ક્રમ** | **નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ** | **લોનની રકમ** | **વર્ષવાઈઝ લાભાર્થીની સંખ્યા** | | | **વર્ષ વાઈઝ થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** |
| ૧ | સ્વરોજગાર લક્ષી સીધા ધિરાણની યોજના | રૂા.૫.૦૦ લાખ સુધી | ૧૦૪૮ | ૬૦૧ | ૧૪૨ | ૧૫૧૮.૦૫ | ૯૦૮.૭૧ | ૨૨૨.૩૯ |
| ૨ | શૈક્ષણિક લોન યોજના | રૂા.૧૫.૦૦ લાખ સુધી | ૭૭૦ | ૫૫૧ | ૪૯૩ | ૧૪૦૬.૧૯ | ૧૧૦૩.૪૮ | ૧૨૭૭.૬૧ |

**નોંધ :– આ નિગમ દ્વારા સીધા ધિરાણ લોનની યોજનાઓનો અમલ થાય છે.**

મુખ્ય પેજ પર જવા માટે

**નિગમનું નામ: ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ**

**નિગમની ટૂંકી માહિતી**:–

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ રાજ્ય સરકારશ્રીનું એક જાહેર સાહસ છે. રાજ્ય સરકાર દ્ધારા તા.૧૪/૧૧/૧૯૭૯માં ગુજરાત લઘુમતી બોર્ડની રચના કરવામાં આવી છે. લઘુમતિ બોર્ડમાંથી અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં નોંધણી કંપની અધિનિયમ ૧૯૫૬ હેઠળ તા. ૨૪/૦૯/૧૯૯૯ના રોજ કરવામાં આવેલ છે. આ નિગમ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ (NMDFC) દિલ્હીની અલ્પસંખ્યક સમુદાયની સીધા ધિરાણની અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓનું અમલીકરણની કામગીરી કરે છે.નિગમના કાર્યવાહક મંડળમાં ૮ બિનસરકારી અને ૭ સરકારી એમ કુલ ૧૫ સભ્યો છે. નિગમની અધિકુત શેર મુડી રૂ.૨૦.૦૦ કરોડ છે. નિગમ દ્ધારા અલ્પસંખ્યક સમુદાયના મુદતી ધિરાણમાં ૧૯૪૪૫ લાભાર્થીઓને કુલ રૂ.૧૨૩.૮૨ કરોડ અને શૈક્ષણિક યોજનામાં ૨૩૮૧ લાભાર્થીઓને કુલ રૂ.૩૧.૯૮ કરોડ **આમ કુલ ૨૧૮૨૬ લાભાર્થીઓને કુલ રૂ.૧૫૫.૮૦ કરોડનું ધિરાણ કરવામાં આવેલ છે.**

| **નિગમ તરફથી આપવામાં આવતી લોન / સહાયનું નામ** | **લોન / સહાયની રકમ** | **વર્ષ વાઈઝ લાભાર્થીની સંખ્યા** | | | **વર્ષ વાઈઝ થયેલ ખર્ચ ( રકમ રૂ. લાખમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪** |
| **મુદતી ધિરાણ (સ્વરોજગાર) લોન યોજના** | મુદતી ધિરાણમાં મહતમ રૂ.૨.૦૦ લાખ અને ટ્રાન્સપોર્ટ સેકટરમાં મહત્તમ રૂ.૭.૫૦ લાખ | ૭૮૮ | ૭૪૮ | ૩૨૯ | ૧૪૭૪.૭૬ | ૧૩૫૭.૨૨ | ૬૧૪.૨૫ |
| **શૈક્ષણિક લોન યોજના** | શૈક્ષણિક અભ્યાસક્રમમાં દેશમાં મહત્તમ રૂ.૧૨.૫૦ લાખ અને વિદેશમાં મહત્તમ રૂ.૧૫. લાખ | ૧૮૭ | ૧૬૭ | ૧૦૪ | ૩૯૮.૭૩ | ૩૭૪.૪૪ | ૨૨૬.૨૨ |
| **કુલ** | | **૯૭૫** | **૯૧૫** | **૪૩૩** | **૧૮૭૩૪૯.** | **૧૭૩૧૬૪.** | **૮૪૦૪૭.** |

નોધ:- વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં કોરોના મહામારીના કારણે લાભાર્થીઓ દ્વારા સમયસર દસ્તાવેજીકરણની પ્રક્રીયા ના કરી શકતા રહેલ બચત રકમનો વર્ષ

૨૦૨૧-૨૨માં રૂ.૭૮૨.૯૮ લાખ વધુ ખર્ચ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨૩૧.૬૪ લાખ વધુ ખર્ચ આગાઉની બચત રહેલ રકમમાંથી કરેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

**નિગમનું નામ:– ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,ગાંધીનગર**

**નિગમની ટૂંકી માહિતી:–**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૩૦/૯/૨૦૧૭ના ઠરાવ: ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ થી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી છે.

બિનઅનામત વર્ગના લોકોના આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ. તા:૧૫/૦૮/૨૦૧૮ તથા તા:૨૫/૦૧/૨૦૧૯ થી વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. સદરહું ઠરાવોથી અમલમાં મુકવામાં આવેલ શૈક્ષણિક તેમજ સ્વરોજગારલક્ષી યોજનાઓનું અમલીકરણ નિગમ દ્વારા કરવામાં આવે છે.

શૈક્ષણિક યોજનાઓ:–

- શૈક્ષણિક યોજનાઓ હેઠળ બિન અનામત વર્ગના ઉમેદવારોને રૂ.૨૦૦૦૦ થી રૂ.૨૫.૦૦ લાખ સુધીની લોન–સહાય આપવામાં આવે છે.

સ્વરોજગારલક્ષી યોજનાઓ:–

- બિન અનામત વર્ગના વ્યક્તિઓને નવો વ્યવસાય શરૂ કરવા તેમજ સ્વરોજગારલક્ષી વાહનો માટે રૂ. ૧૦.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ૪ ટકાના સાદા વ્યાજે આપવામાં આવે છે.

| **નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ** | **લોન/સહાયની રકમ** | **વર્ષવાઈઝ લાભાર્થીની સંખ્યા** | | | **વર્ષવાઈઝ થયેલ ખર્ચ (રકમ રૂ. લાખમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪ (તા. ૧૪/૦૨/૨૦૨૪ની સ્થિતિએ )** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪ (તા. ૧૪/૦૨/૨૦૨૪ની સ્થિતિએ )** |
| સ્વ-રોજગારલક્ષી યોજના | ૧૦૦૦૦૦૦ સુધી | ૧૯૪૬ | ૧૯૫૬ | ૧૧૧ | ૬૪૫૬.૨૨ | ૯૦૩૮.૪૪ | ૫૧૪.૪૩ |
| શૈક્ષણિક યોજના | ૨૦૦૦૦ થી ૨૫૦૦૦૦૦ સુધી | ૨૬૯૨૪ | ૬૦૩૭૪ | ૨૧૬૫૩ | ૩૪૬૯૩.૬૯ | ૫૪૫૩૯.૫૭ | ૩૪૧૧૯.૮૧ |
| **કુલ** | | **૨૮૮૭૦** | **૬૨૩૩૦** | **૨૧૭૬૪** | **૪૧૧૪૯.૯૧** | **૬૩૫૭૮.૦૧** | **૩૪૬૩૪.૨૪** |

મુખ્ય પેજ પર જવા માટે

**નિગમનું નામ :– ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,**

**નિગમની ટૂંકી માહિતી :-**

સરકારશ્રીના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ / ૧૦૯૧/ ૧૬૧૮/જ, તા. ૧૫/૧૦/૧૯૯૪ થી "સફાઇ કામદાર વિકાસ બોર્ડ" ની રચના કરવામાં આવેલ છે. સદરહુ બોર્ડ મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ તથા મંડળીઓ નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધણી કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ (NSKFDC), નવી દિલ્હી અને રાજય સરકાર તરફથી ઉપલબ્ધ થયેલ ફંડમાંથી રાજયમાં સફાઇ કામદારોના વિકાસ અને ઉત્થાન માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યારબાદ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૦૬/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૨૦૦૦/ મ.૨૬૦/ગ થી ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ફેરવવામાં આવેલ છે.

| નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ | લોન/સહાયની રકમ | વર્ષવાઇઝ લાભાર્થીની સંખ્યા | | | વર્ષવાઇઝ થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
| આર્થિક ઉત્કર્ષની યોજના (લોન) (સ્વરોજગારલક્ષી) | રૂા. ૧.૦૦ લાખથી રૂા. ૧૦.૦૦ લાખ સુધીની લોન | ૬૭૫ | ૭૧૨ | ૩૦ | ૮૪૩.૪૦ | ૨૬૧.૭૨ | ૧૫૨.૬૨ |
| સહાય યોજના | રૂા. ૦.૫૦ લાખથી રૂા. ૧.૨૦ લાખ સુધીની સહાય | ૨૦૧૫ | ૧૫૩૩ | ૧૧૨૩ | ૨૩૬૦.૯૦ | ૧૯૩૫.૬૩ | ૨૦૦૬.૨૩ |
| **કુલ** | | **૨૬૯૦** | **૨૨૪૫** | **૧૧૫૩** | **૩૨૦૪.૩૦** | **૨૧૯૭.૩૫** | **૨૧૫૮.૮૫** |

**મુખ્ય પેજ પર જવા માટે**

**નિગમનુ નામ :- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ**

**નિગમની ટુંકી માહિતી :- આ નિગમ રાજયમાં વસતા અનુસૂચિત જાતિના લોકોને આર્થિક ઉત્થાન માટે વિવિધ યોજના માટે લોન ધિરાણ આપવાની કાર્યવાહી કરે છે.**

| નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ | લોન/સહાયની રકમ | વર્ષવાઇઝ લાભાર્થીની સંખ્યા | | | વર્ષવાઇઝ થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
| આર્થિક ઉત્કર્ષની યોજના (લોન) (સ્વરોજગારલક્ષી) | ૩ા.૧૫.૦૦ લાખ સુધીની લોન | ૪૬૮ | ૫૧૦ | ૫૦૯ | ૫૩૯.૦૦ | ૧૦૫૪.૦૦ | ૧૧૨૫.૫૦ |
| સહાય યોજના | - | - | - | - | - | - | - |

**મુખ્ય પેજ પર જવા માટે**

| **નિગમનું નામ:– ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ** |
|---|
| **નિગમની ટૂંકી માહિતી :– રાજય સરકારના તા.૧૨/૦૯/૧૯૯૭ ના ઠરાવથી ગુજરાત સમસ્ત ઠાકોર સમાજ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી. તા.૧૦/૦૭/૨૦૦૨ ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડની રચના થઈ. ત્યારબાદ તા.૧૩/૯/૨૦૦૨ ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડનું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં રૂપાંતર થયું, જેની તા.૧૯/૦૯/૨૦૦૩ ના રોજ કંપની ધારા ૧૯૫૬ની કલમ–૨૫ હેઠળ નોધણી કરવામાં આવેલ છે.ગુજરાતમાં ઠાકોર અને કોળી સમાજના નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા જરૂરીયાત મંદ લોકો સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ સંલગ્ન વ્યવસાય,સેવાકીય ધંધા અને પરિવહિન સેકટર અને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક લોન દ્વારા લાભાર્થીને સહાય આપવામાં આવે છે.** |

| **નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ** | **લોન/સહાયની રકમ** | **વર્ષ વાઈઝ લાભાર્થીની સંખ્યા** | | | **વર્ષ વાઈઝ થયેલ ખર્ચ** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** |
| સ્વરોજગારલક્ષી લોન યોજના | ૫.૦૦ લાખ સુધી | ૨૧૦૧ | ૪૭૪૨ | ૧૨૨૫ | ૨૧૧૪.૯૮ | ૪૮૦૪.૩૪ | ૧૩૦૫.૩૫ |
| ઉચ્ચ શૈક્ષણિક લોન યોજના(ન્યું આકાક્ષા) | ૧૫.૦૦ લાખ સુધી | ૬૦ | ૫૦ | ૧૧૨ | ૨૦૯.૨૫ | ૧૯૫.૬૬ | ૧૮૮.૬૦ |
| | | ૨૧૬૧ | ૪૭૯૨ | ૧૩૩૭ | ૨૩૨૪.૨૩ | ૫૦૦૦.૦૦ | ૧૪૯૩.૯૫ |

મુખ્ય પેજ પર જવા માટે

## નિગમનું નામ: ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર

**નિગમની ટૂંકી માહિતી :**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવિષ્ટ ૧૪૬ જાતિઓમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિઓ મળી કુલ–૪૦ (હાલ–૩૩) જતિઓ અતિ પછાત અને નબળી જાતિઓ છે. આ જાતિઓને રખડતી અને ભટકતી જીવન શૈલીને કારણે તેઓ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે વધારે પછાત છે. આ જતિઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૩ /૨૯૮૫૫/અ થી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની રચના કરવામાં આવેલ છે. નિગમનુ કાર્યવાહક મંડળ કુલ–૧૫ સભ્યોનુ છે જેમા ૮ બિન સરકારી અને ૭ સરકારી સભ્યોનો સમાવેશ થાય છે અને નિગમમા કુલ–૮ નું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. નિગમનુ અધિકૃત શેર ભંડોળ (શેરમૂડી) રૂ. ૧૦.૦૦ કરોડનું છે.

આ નિગમ રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી સાથે ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. નિગમ દ્વારા રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી (NBCFDC) ના સહયોગથી વર્ષ ૨૦૧૬–૧૭થી વિચરતી અને વિમુક્ત જાતિના અરજદારોને શૈક્ષણિક તેમજ નાના પાયાના ધંધા વ્યવસાય (લઘુ ઉદ્યોગ) માટે લોન ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

| નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનુ નામ | લોન/સહાયની રકમ | વર્ષ વાઈઝ લાભાર્થીની સંખ્યા | | | વર્ષ વાઈઝ થયેલ ખર્ચ (રકમ રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
| સ્વરોજગાર લક્ષી | રૂ. ૨.૦૦ લાખ સુધી | ૧૭૧૧ | ૭૨૪ | ૧૦૩ | ૨૪૪૫.૩૨ | ૧૦૦૦.૪૭ | ૧૬૩.૫૭ |
| ન્યુ આકાંક્ષા (શૈક્ષણિક) | રૂ. ૧૦.૦૦ લાખ સુધી | ૨૯ | ૩૪ | ૧૫ | ૩૬.૯૧ | ૩૯.૫૪ | ૨૪.૮૭ |
| | **કુલ** | **૧૭૪૦** | **૭૫૮** | **૧૧૮** | **૨૪૮૨.૨૩** | **૧૦૪૦.૦૧** | **૧૮૮.૪૪** |
| નોંધ: નિગમ દ્વારા કોઈ સહાય આપવમાં આવતી નથી. | | | | | | | |

[મુખ્ય પેજ પર જવા માટે]

**નિગમનું નામઃ– ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગર.**

નિગમની ટૂંકી માહિતીઃ– → ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડની રચના તા.૧૩–૦૨–૧૯૯૦થી કરવામાં આવેલ અને તા.૧૦–૦૮–૨૦૦૦થી બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી રબારી અને ભરવાડ જાતિના ઉત્કર્ષ માટે રચના કરવામાં આવેલ છે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી રબારી અને ભરવાડ જાતિના લોકોનું જીવનધોરણ ધિરાણના માધ્યમથી ઉંચું લાવવું.

| નિગમ તરફથી આપવામાં આવતી લોન / સહાયનું નામ | લોન/ સહાયની રકમ | વર્ષ વાઈઝ લાભાર્થીની સંખ્યા | | | વર્ષ વાઈઝ થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** |
| સ્વરોજગારલક્ષી યોજના | રૂા.૫.૦૦ લાખ સુધી | ૧૨૩૬ | ૧૨૦૮ | ૬૦૦ | ૧૬૫૯.૩૦ | ૧૬૧૨.૨૯ | ૮૨૧.૦૦ |
| ઉચ્ચ શૈક્ષણિક યોજના | રૂા.૧૫.૦૦ લાખ સુધી | ૪૧ | ૩૩ | ૨૬ | ૬૯.૯૫ | ૬૨.૪૯ | ૫૧.૯૪ |

**મુખ્ય પેજ પર જવા માટે**

**નિગમનું નામ :- ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ**

**નિગમ ટુંકી માહિતી**:– ગુજરાત રાજ્યના દિવ્યાંગજનોના આર્થિક,સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ તેમજ સશક્તિકરણના હેતુથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૧૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:– અપગ/૧૦૨૦૧૭/૪૯૭૯૭૬/છ–૧થી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને તેને કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૮ની જોગવાઈ હેઠળ નોન–પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન તરીકે રજીસ્ટર કરાવવામાં આવેલ છે. તથા તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:– અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ–૧થી નિગમનું મહેકમ ઉભુ કરવામાં આવેલ છે. નિગમનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે કાર્યરત છે.

| નિગમ તરફ થી આપવામાં આવતી લોનનું નામ | લોન ની રકમ | વર્ષ વાઈઝ લાભાર્થી સંખ્યા | | | વર્ષ વાઈઝ થયેલ ખર્ચ **(રૂા.લાખમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** | **૨૦૨૧–૨૨** | **૨૦૨૨–૨૩** | **૨૦૨૩–૨૪** |
| ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના | **૧,૦૦,૦૦૦** | **૦** | **૨૭૨** | **૧૪** | **૦** | **૨૭૧** | **૧૪** |

**મુખ્ય પેજ પર જવા માટે**

**નિગમનુ નામ: ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગર**

**<u>નિગમની ટુંકી વિગત:</u>**

ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૬/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક:અવક/૧૦૯૮/૨૨૦૧/જથી અનુસૂચિત જાતિઓમાં અતિપછાત જાતિના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોકકસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક ઉત્કર્ષ થઇ શકે તે માટે અતિપછાત જાતિ વિકાસ નિગમની રચના કરવામાં આવેલ. સરકારશ્રીના તા.૨૧/૯/૨૦૧૨ના ઠરાવથી બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડનું ગુજરાત અનુ.જાતિ અતિપછાત વિકાસ નિગમમાં રૂપાંતર કરેલ છે.તા:૦૭/૦૨/૨૦૧૭ના રોજ આ નિગમનું નામાભિધાન **"ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)"** કરવામાં આવેલ છે.જેમાં નીચે મુજબની ૧૨ અતિપછાત જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે.જેવી કે, **અનુસૂચિત જાતિના બાવા, વણકર સાધુ, ગરો/ગરોડા, (ગુરૂ-બ્રાહ્મણ), નાડીયા, હાડી, સેનવા, સેનમા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, તુરી, તુરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગ, વાલ્મિકી (સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાયના)**

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) દ્વારા હાલ ઉક્ત જાતિઓના લાભાર્થીઓના આર્થિક વિકાસ માટે અને આત્મનિર્ભર બની શકે તે માટે ધિરાણ યોજનાઓ અમલી છે.જેવી કે**,(૧) મહિલા સમૃધ્ધિ યોજના (૨) પશુપાલનની યોજના (૩) વિભિન્ન નાના વ્યવસાય યોજના (૪) પેસેન્જર ઓટો રીક્ષા યોજના (૫) પેસેન્જર વાહન યોજના /માલવાહક વાહન યોજના (૬) મોબાઇલ ફુડ કોર્ટ વાન યોજના (૭) માઇક્રોક્રેડીટ ફાયનાન્સ યોજના –સ્વ સહાય જૂથ**

| નિગમ તરફથી આપવામાં આવતી લોન/સહાયનું નામ | લોન/સહાયની રકમ | વર્ષ વાઇઝ લાભાથીની સંખ્યા | | | વર્ષ વાઇઝ થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
| આર્થિક ઉત્કર્ષની યોજના | ૩.૦.૫૦ લાખ થી ૩.૭.૫૦ લાખ | ૩૩૦ | ૪૦૪ | ૭૯ | ૩૨૫.૮૨ | ૫૧૪.૯૦ | ૮૬.૪૫ |
| સહાય | - | ૦ | ૦ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

મુખ્ય પેજ પર જવા માટે

## પૂરકનોંધ

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૩૩

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક નીચે મુજબના ૩ નિગમો કાર્યરત છે. જેની વિગતો નીચે મુજબ છે.

- **ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ**
  - ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા આર્થિક ઉત્કર્ષ યોજના હેઠળ સ્વરોજગારી ઉભી કરવા માટે લોન યોજના, આવાસ યોજના, ડીઝલ મશીન અને સલામતીના સાધનો આપવાની સહાય યોજનાઓ અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૬૦૮૮** લાભાર્થીઓને **રૂા.૭૫૬૦.૦૦ લાખની** લોન/ સહાય આપવામાં આવેલ છે.
  - ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૪૪૬૮.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ**
  - ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા આર્થિક ઉત્કર્ષ યોજના હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, વાહન યોજના અને પ્રોજેકટ યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૧૪૮૭** લાભાર્થીઓને **રૂા.૨૭૧૮.૦૦ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.

- વર્ષ–૨૦૨૧–૨૨માં રૂા.૧૦૦૦.૦૦ લાખની થયેલ જોગવાઇ પૈકી SCA to SCSP (SCW-18) માં રૂા.૩૧૯.૫૧ લાખની જ ફાળવણી કરેલ અને રૂ. ૬૮૦.૪૯ લાખની મે કોઈ કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.
- વર્ષ–૨૦૨૨–૨૩માં રૂા.૨૫૦૦.૦૦ લાખની થયેલ જોગવાઇ પૈકી SCA to SCSP (SCW-18) માં રૂા.૧૦૦૦.૦૦ લાખની થયેલ જેની સામે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ ન હોય વણવપરાયેલ રહેલ છે.
- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૨૬૬૦.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

➢ **ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા)**

- ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા) દ્વારા આર્થિક ઉત્કર્ષ યોજના હેઠળ મહિલા સમૃદ્ધિ યોજના, પશુપાલન યોજના, પેશેન્જર વાહન / માલવાહક વાહન યોજના વગેરે હેઠળ છેલ્લા **૩** વર્ષમાં **૮૧૩** લાભાર્થીઓને **રૂા.૯૨૭.૦૦ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.

- વર્ષ–૨૦૨૧–૨૨ અને વર્ષ–૨૦૨૨–૨૩ માં વણવપરાયેલ રકમ પૈકીની વહીવટી ગ્રાન્ટ **રૂા.૧૦૪.૦૨ લાખ**ની રકમ સરકારશ્રીમાં જમા કરાવેલ છે.
- ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા) ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૧૧૫૦.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ➢ ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ

- ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ દ્વારા ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદતી ધિરાણ યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૨૭૨** દિવ્યાંગ લાભાર્થીઓને **રૂા.૨૭૧.૦૦ લાખ** ની લોન આપવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૭૮૫.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ➢ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

- ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ દ્વારા આર્થિક ઉત્કર્ષ યોજના હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૩૬૦૫** લાભાર્થીઓને **રૂા.૬૪૩૬.૦૦ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૫૦૦૧.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ➢ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ

- ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા આર્થિક ઉત્કર્ષ યોજના હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૨૩૨૩** લાભાર્થીઓને **રૂા.૪૪૪૬.૬૨ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૧૭૭૩.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ➢ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા સ્વરોજગારલક્ષી યોજના, શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૧,૧૨,૯૬૪** લાભાર્થીઓને **રૂા.૧૩૯૩૬૨.૧૬ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૬૦,૮૩૨.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ➢ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

- ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૮૨૯૦** લાભાર્થીઓને **રૂ.૮૮૧૮.૧૮ લાખ** ની લોન આપવામાં આવી.
- ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૧૦,૨૧૦.૦૦ લાખ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ

- ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૨૬૧૬** લાભાર્થીઓને **રૂ.૩૭૧૦.૬૮ લાખ** ની લોન આપવામાં આવી.
- ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૧૩૯૮.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ છે.

## ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

- ગુજરાત ગોપાલક વિકાસ નિગમ હેઠળ સ્વરોજગારલક્ષી યોજના, ઉચ્ચ શૈક્ષણિક લોન યોજના અંતર્ગત છેલ્લા **૩** વર્ષમાં **૩૧૪૪** લાભાર્થીઓને **રૂ.૪૨૭૬.૯૭ લાખ** ની લોન આપવામાં આવી.
- ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ની વર્ષ–૨૦૨૪–૨૫ માં કુલ **રૂા.૨૬૫૧.૦૦ લાખ** ની જોગવાઈ કરવામાં આવેલ છે.

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા **છેલ્લા ૩ વર્ષમાં શૈક્ષણિક યોજનાઓ** જેવી કે પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ, ગણવેશ સહાય, વિદેશ અભ્યાસ લોન વગેરે અંતર્ગત **૨,૨૭,૮૩,૬૩૪** વિદ્યાર્થીઓને **રૂા.૧,૭૬,૩૨૯.૧૮ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- **છેલ્લા ૩ વર્ષમાં આર્થિક ઉત્કર્ષ યોજનાઓ** જેવી કે માનવ ગરીમા યોજના અંતર્ગત **૨૬,૩૯૨** લાભાર્થીઓને **રૂા. ૬૧૫૬.૦૦ લાખ** ની સહાય આપવામાં આવેલ છે.

- **છેલ્લા ૩ વર્ષમાં આરોગ્ય, આવાસ અને અન્ય યોજનાઓ** અંતર્ગત **૨,૮૩,૦૧૧** લાભાર્થીઓને **રૂા.૬૩,૦૬૯.૨૩ લાખ** ની સહાય આપવામાં આવેલ છે.
- નિયામક વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માં **રૂા.૧૯૬૪૪૨.૮૩ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આગામી નાણાકીય વર્ષ–૨૦૨૪–૨૫ માં **રૂા.૧૪૫૭૩.૬૭ લાખ**ની જોગવાઇનો વધારો કરી કુલ બજેટ જોગવાઇ **રૂા.૨૧૧૦૧૬.૫૦ લાખ** કરવામાં આવેલ છે.

## ➢ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા **છેલ્લા ૩ વર્ષમાં શૈક્ષણિક યોજનાઓ** જેવી કે પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ, પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ, ગણવેશ સહાય, વિદેશ અભ્યાસ લોન વગેરે અંતર્ગત **૨૩,૨૮,૪૦૪** વિદ્યાર્થીઓને **રૂા.૧,૬૮,૫૦૦ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- **છેલ્લા ૩ વર્ષમાં આર્થિક ઉત્કર્ષ  યોજનાઓ** જેવી કે માનવ ગરીમા યોજના, ર્ડા.પી.જી.સોલંકી કાયદા તેમજ તબીબી સ્નાતકો અને અનુસ્નાતકોને લોન તેમજ સહાય વગેરે અંતર્ગત **૪૭,૨૧૩** લાભાર્થીઓને **રૂા. ૬૫૦૦.૦૦ લાખ** ની લોન / સહાય આપવામાં આવેલ છે.
- **છેલ્લા ૩ વર્ષમાં આરોગ્ય, આવાસ અને અન્ય યોજનાઓ** અંતર્ગત **૯૧,૧૫૨** લાભાર્થીઓને **રૂા.૩૭,૫૦૦ લાખ** ની સહાય આપવામાં આવેલ છે.
- નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માં **રૂા.૮૯૮૩૩.૫૭ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આગામી નાણાકીય વર્ષ–૨૦૨૪–૨૫ માં **રૂા.૯૧૬૬.૦૦ લાખ**ની જોગવાઇનો વધારો કરી કુલ બજેટ જોગવાઇ **રૂા.૯૯૦૦૦.૦૦ લાખ** કરવામાં આવેલ છે.

## ➢ નિયામક, સમાજ સુરક્ષા

- નિયામક, સમાજ સુરક્ષા દ્વારા **છેલ્લા ૩ વર્ષમાં શૈક્ષણિક યોજનાઓ** જેવી કે દિવ્યાંગ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અંતર્ગત **૨૮,૬૦૪** વિદ્યાર્થીઓને **રૂા.૩૯૩.૦૦ લાખ** ની સ્કોલરશીપ આપવામાં આવેલ છે.
- **છેલ્લા ૩ વર્ષમાં આર્થિક ઉત્કર્ષ યોજનાઓ** જેવી કે દિવ્યાંગ સાધન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય દિવ્યાંગોને એસ.ટી માં મફત મુસારફી, બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યકિતઓને સહાય અંતર્ગત **૪,૮૦,૮૫૧** લાભાર્થીઓને **રૂા.૨૪,૭૪૫.૦૦ લાખ** ની સહાય આપવામાં આવેલ છે.
- નિયામક સમાજ સુરક્ષા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માં **રૂા.૧૯૭૬૦૬.૩૬ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ આગામી નાણાકીય વર્ષ–૨૦૨૪–૨૫ માં **રૂા.૧૯૪૪૭.૬૪ લાખ**ની જોગવાઇનો વધારો કરી કુલ બજેટ જોગવાઇ **રૂા.૨૧૭૦૫૪.૦૦ લાખ** કરવામાં આવેલ છે.